# આરટીઈ : ૯૯ હજાર વિદ્યાર્થીને પ્રવેશ

ગાંધીનગર, તા. ૭

રાજ્યની ૧૦૧૮૦ બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે આરટીઈ અંતર્ગત પ્રવેશ માટે કુલ ૧,૧૮,૧૧૦ જગ્યા માટે ૧,૯૩,૬૩૦ અરજી ઓનલાઈન આવી હતી. આ અરજીઓની ચકાસણી કર્યા બાદ હાલમાં ઓનલાઈન પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો છે. પ્રથમ રાઉન્ડમાં કુલ ૯૯,૪૭૯ વિદ્યાર્થીને જુદી જુદી શાળામાં પ્રવેશ ફાળવી દેવાતાં હવે ૧૮૬૩૧ બેઠક ખાલી પડી છે. આ બેઠક માટે હવે બીજા રાઉન્ડની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે.

રાજ્યની સ્વનિર્ભર શાળાઓમાં મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે તે માટે વર્ષ ૨૦૧૩થી રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત દરેક શાળામાં ૨૫ ટકા બેઠક પર પ્રવેશ ફાળવવાનું શરૂ કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીના વાલીઓ પાસેથી ઓનલાઈન અરજી મગાવવામાં આવી હતી. જેમાં ૧,૯૩,૬૩૦ અરજી મળી હતી. આ અરજીની ચકાસણી કરતાં ૧,૯૦,૦૪૯ અરજી માન્ય રહી હતી. ૧૭૭૨ અરજી અધૂરા દસ્તાવેજો સહિતના જુદા જુદા કારણોસર રદ એટલે કે અમાન્ય કરવામાં આવી હતી. ૧૮૦૯ અરજી એવી હતી કે, એક જ અરજદારે બે વખત અરજી કરી હતી. જેના કારણે જૂની અરજી રદ કરી દેવામાં આવી હતી. દરેક ખાનગી શાળામાં ૨૫ ટકા બેઠક આરટીઈ હેઠળ આરક્ષિત હોય છે. વિદ્યાર્થી એટલે કે વાલીઓએ કરેલી અરજી અંતર્ગત ૬ કિ.મી.ના ત્રિજ્યામાં આવતી શાળામાં પ્રવેશ ફાળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. જે વિદ્યાર્થીને પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે તેમને શિક્ષણ વિભાગ દ્વારા એસએમએસથી જાણકારી આપી દેવામાં આવી છે. જેમને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેઓએ તા.૧૩મી મે સુધીમાં જે-તે શાળામાં જઈને રૂબરૂમાં પ્રવેશ કન્ફર્મ કરાવી લેવાનો રહેશે. જે વિદ્યાર્થીને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો નથી તેઓને શાળા પસંદગીની ફરીવાર તક આપીને નિયમ પ્રમાણે કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત જે વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેઓને તા.૧૮મી સુધીમાં જે તે શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. પહેલા રાઉન્ડમાં જેમની અરજી માન્ય કરવામાં આવી હતી તેમને પ્રવેશ ફાળવ્યા પછી પણ ૧૮૬૩૧ બેઠક જુદી જુદી શાળામાં ખાલી પડી છે. આ ખાલી બેઠક ઉપરાંત પહેલા રાઉન્ડમાં પ્રવેશ ન લેનારા વિદ્યાર્થીને માટે હવે પછી બીજો રાઉન્ડ કરવામાં આવશે. બીજા રાઉન્ડની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

# પીજી મેડિકલ પ્રવેશ : ૧૯૨ બેઠકો ખાલી રહી

## પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવેલા મેરિટલિસ્ટમાંથી કોલેજોએ પોતાની રીતે આ બેઠકો આગામી તા.૧૮મી સુધીમાં ભરવાની રહેશે

ગાંધીનગર, તા. ૭

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે ચાલતી કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓફ લાઈન રાઉન્ડ પૂર્ણ કર્યા બાદ કુલ ૧૯૨ બેઠકો ખાલી પડી હતી. આ ખાલી બેઠકો હવે ભરવા માટે જે તે કોલેજો અને યુનિવર્સિટીઓને સોંપી દેવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવેલા મેરિટલિસ્ટમાંથી કોલેજોએ પોતાની રીતે આ બેઠકો આગામી તા.૧૮મી સુધીમાં ભરવાની રહેશે.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે ઓનલાઈન રાઉન્ડ પૂર્ણ કર્યા બાદ ખાલી પડેલી બેઠકો માટે ઓફલાઈન રાઉન્ડ શરૂ કરાયો હતો. અંદાજે ૪૦૦થી વધુ બેઠકો માટે ઓફલાઈન રાઉન્ડમાં પ્રથમ બે દિવસમાં ૨૦૦થી વધારે બેઠકો ફુલ થઈ ગઈ હતી. આજે છેલ્લા દિવસો ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે બોલવવામાં આવ્યા હતા. જેમાં પ્રવેશ પ્રક્રિયાના અંતે ૧૯૨ બેઠકો ખાલી પડી હતી. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે જે બેઠકો ખાલી પડે છે તેમાં મોટાભાગે નોન ક્લિનિકલ બેઠકોનો સમાવેશ થાય છે.

ક્લિનિકલ બેઠકોમાં માત્ર પેથોલોજીની ૩ બેઠકો ખાલી પડી છે. જેમાં કરમસદ મેડિકલ કોલેજમાં ૨ અને સુરત મ્યુનિ.મેડિકલ કોલેજમાં ૧ બેઠકો મળીને કુલ ૩ બેઠકોનો સમાવેશ થાય છે. આ સિવાય તમામ ૧૮૯ બેઠકો નોન ક્લિનિકલ છે. કઈ કોલેજમાં કેટલી બેઠકો ખાલી પડી છે તેની વિગતો પણ પ્રવેશ સમિતિએ જાહેર કરી દીધી છે. જેમાં બાયોકેમેસ્ટ્રીની જુદી જુદી કોલેજોમાં ૧૬, કોમ્યુનિટી મેડિસીનની ૨૫, ફોરેન્સીક મેડિસીનની ૨૨, માઈક્રોબાયોલોજીની ૨૨, પેથોલોજીની ૩, ફાર્માકોલોજીની ૮, ફિઝિયોલોજીની ૪૪, એનેટોમીની ૪૬ અને પબ્લીક હેલ્થની ૫ મળીને કુલ ૧૯૨ બેઠકો ખાલી પડી છે. આ ખાલી બેઠકો ભરવાની સત્તા હવે નિયમ પ્રમાણે કોલેજોને સોંપી દેવામાં આવી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે ખાલી બેઠકો ઉપરાંત જે વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ થયો છે તેનું લિસ્ટ પણ જે તે કોલેજોને મોકલી આપવામાં આવ્યું છે. આગામી તા.૧૮મી સુધીમાં આ કોલેજોએ પોતાની રીતે વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને તેની યાદી પ્રવેશ સમિતિને મોકલી આપવાની રહેશે. જે બેઠકો ભરાશે નહી તે નિયમ પ્રમાણે ખાલી રાખવામાં આવશે.

### ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા

# ચેતક કમાન્ડોઝ માટે મનોચિકિત્સા સેમિનાર



ગાંધીનગર, તા. ૭

ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જીલ્લા શાખા દ્વારા ગુજરાત રાજ્યના ચેતક કમાન્ડો ફોર્સ યુનિટ-૨ તથા યુનિટ-૪ના જવાનો માટે મનોચિકિત્સકા સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જીલ્લાના સિનિયર મનોચિકિત્સક ડો.રાજેન્દ્ર આનંદ દ્વારા જવાનોને વિશદ્ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જવાનોએ તબીબ સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી. રેડક્રોસ સોસાયટીના સ્વયંસેવક હિતેષ રાવલ અને હિદાયતખાન પઠાણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંયોજન હેમલ કોંઢીયા અને જિજ્ઞેશ વસંત રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. રેડ ક્રોસ સોસાયટી, ચેતક કમાન્ડો ફોર્સના પોલીસ અધિક્ષક ચિરાગ કોરડીયા અને નાયબ પોલીસ અધિક્ષક પી. જી. ઘારૈયા દ્વારા જવાનો માટે આ ઉપયોગી સેમિનાર બદલ ડૉ. રાજેન્દ્ર આનંદ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



ડો. ગાયત્રીબેન બારોટ
આચાર્ય, નીમા આર્ટ્સ કોલેજ
મો.૭૯૨૩૨૯૬૧૫,૯૯૭૪૧૩૬૩૧૭



હિરેનકુમાર વી રૂપાલા
બાયોમેડિકલ એન્જિનીયર
સર. પોલીટેકનીક, ગાંધીનગર
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧



હની ડી ગજ્જર
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩



તસવીર
શિલ્પેશકુમાર પરમાર

# ભવન્સ દ્વારા વૉઈસ ઍક્ટિંગ વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૭

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદનું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુ થી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

તારીખ ૪ અને ૫મી મેના રોજ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ' દ્વારા બે દિવસીય "વોઈસ એકટીંગ શિબિર"નું આયોજન કરવામાં આવ્યુ હતું, જેંમાં રાજેશ કાવા અને સોનલ કૌશલ દ્વારા વિદ્યાર્થીઓ ને ખાસ વોઈસ એકિંટગ અંગે ની જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં ખાસ કરીને ભાષા, બોલી ,ઉચ્ચારણ, તેમજ અવાજનો ઉપયોગ અને તેમાં બદલાવ અને શુદ્ધતા લાવવા માટેની તાલીમ આપવામાં આવી હતી. વોઈસ ઓવર તેમજ ડબિંગ વચ્ચેનો ભેદ બતાવીને માઈક સાથે શી રીતે કાર્ય કરવું તેની જાણકારી પણ પૂરી પાડવામાં આવી હતી. રાજેશ કાવા અને સોનલ કૌશલ ફિલ્મ અને ટેલીવિઝન ક્ષેત્રે ખૂબ જ નામના ધરાવે છે. રાજેશ કાવા દ્વારા હોલીવુડ ફિલ્મ "હેરી પોર્ટર"ના મુખ્ય પાત્રનું હિન્દી ડબિંગ કરવામાં આવેલ છે તેમજ છોટા ભીમ સીરીઝના "જગ્ગુ બંદર" કાર્ટુન પાત્રને પણ અવાજ આપવામાં આવ્યો છે. સોનલ કૌશલ ડોરેમોન નામના કાર્ટુન પાત્ર તેમજ છોટા ભીમના મુખ્ય પાત્રને અને અન્ય ફિલ્મમાં પણ વોઈસ આપે છે. આ શિબિરમાં ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને આ શિબિરને સફળ બનાવી હતી. પ્રથમ દિવસે વર્ગની તાલીમ આપવામાં આવી હતી અને બીજા દિવસે અમદાવાદ ના જાણીતા સ્વર રેકોર્ડિંગ સ્ટુડીઓમાં વિધિસર ઓડિયો અને વિડીઓની પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી.

# ગાંધીજીનો વિનોદ

॥ એકવીસમો મણકો ॥

**૫૫ - વત્તા ચાર અને ઓછા ચાર**

ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા ત્યારે લંડનમાં પત્રકારોએ તેમના અર્ધનગ્ન પોશાકનો ઈશારો કર્યો ત્યારે ગાંધીજીએ ગણિતશાસ્ત્રની ભાષામાં વિનોદ કરતાં કહ્યું,

એ તો બિલકુલ સ્વાભાવિક છે. પણ તમારા પોષાકમાં વત્તા ચાર કપડાં છે અને મારા પોષાકમાં ઓછા ચાર છે. એ કંઈ ઝાઝો તફાવત છે?

ગાંધીજીના વિનોદથી પત્રકારો નિરુત્તર થઈ ગયા.

**૫૬ - મૂંઝવણ મને કે રાજાને ?**

બકિંગહામ મહેલમાં યોજેલા એક મેળાવડામાં રાજા જ્યૉર્જે ગાંધીજીને પણ આમંત્રણ આપ્યું હતું. પોતાના હંમેશના પોષાકમાં જ ગાંધીજી રાજાને મળવા મહેલમાં ગયા. રાજાના મહેલમાં આજ સુધી આવા પોષાકમાં કોઈને પણ પ્રવેશ મળ્યો ન હતો. એ પ્રણાલિકાભંગથી કંઈક ખિન્ન થયેલા પત્રકારે પ્રશ્ન કર્યો,




અરે ગાંધી ! આ પોષાક પહેરીને શાહી મહેલમાં પ્રવેશ કરતાં તમને મૂંઝવણ કે ખચકાટ પણ ન થયો ?

પત્રકારોનો પ્રશ્ન સાંભળી ગાંધીજી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા,

મને શેની મૂંઝવણ ? અમને બંનેને ચાલે એટલાં કપડાં પહેરીને તો રાજા બેઠો છે.

**૫૭ - પિતા જ બાકાત ?**

એક દિવસ ગાંધીજીને તેમના નાના પુત્ર દેવદાસ હંમેશ મુજબ મળવા આવ્યા. તે દિવસે પ્યારેલાલજીને પોતાને ત્યાં જમવા લઈ જવાની તેમની ઈચ્છા હતી. તેથી ગાંધીજીની રજા લેતાં તેમણે પૂછ્યું,

બાપુ ! આજે હું પ્યારેલાલજીને મારી સાથે જમવા લઈ જાઉં છું.

ગાંધીજી (હંમેશ મુજબ ખડખડાટ હસીને) : બેશક, લઈ જા. પણ મને બોલાવી જવાનો વિચાર તને કદી થાય છે ખરો ?

પુત્ર સાથેનાં પિતાનાં આ વિનોદી વચનો સાંભળી ત્યાં બેઠેલાં સૌ હસી પડ્યાં.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# ભક્તો ભગવાનની ઉગતા સૂરજ જેવી તેજસ્વી ચમક જોઈ રોમાંચિત થયા





ગાંધીનગર, તા. ૭

હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા પાટોત્સવના ચોથા દિવસની ભવ્યઅતિભવ્ય ઉજવણી કરવામાં આવી. આ ઉત્સવ ભગવાન શ્રી શ્રી રાધા માધવના હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં થયેલ પ્રાણપ્રતિષ્ઠા સ્થાપના નિમિત્તે ઉજવાતો ઉત્સવ છે. ભગવાનશ્રીની પ્રતિકૃતિને ખૂબ જ સુંદર ભભકાદાર ભરતનાટયમ શૈલી વસ્ત્રોથી શણગારવામાં આવ્યા હતા. સમગ્ર મંદિરને તાજા અને સુંગધીદાર પુષ્પો અને મનોહર રોશનીથી સજાવવામાં આવ્યું હતું.

ચોથા દિવસની ઉજવણીમાં ભગવાનશ્રીની પ્રસન્નાર્થે ભકતો દ્વારા હરિનામ સંકિર્તન કરવામાં આવ્યું. ભારતભરના ભક્તોને આખા દિવસ દરમ્યાન યોજાનાર કિર્તન મેળામાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં ઘણા લોકો પણ જોડાયા હતા. આ ઉત્સવમાં રંગીન પુષ્પોથી સુશોભિત સુંદર સ્વર્ણરથમાં શ્રી શ્રી રાધા માધવને શાનદાર સવારી કરાવવામાં આવી હતી. બધા જ ભકતો ભગવાનશ્રીને શણગારવામાં આવેલ ઝવેરાતની ઉગતા સૂરજ જેવી તેજસ્વી ચમક જોઈ રોમાંચિત થયા હતા. ભકતો નાચ-ગાન સાથે ઝૂમી ઉઠયા, જયારે રથને ખેંચતા પૂર્વે તેની આરતી ઉતારવામાં આવી હતી. સ્વર્ણરથ બાદ, હિંડોળાની સેવારૂપે ભગવાનને ભવ્ય સુંગધીદાર પુષ્પોથી સુશોભિત હિંડાળોમાં ઝૂલવવામાં આવ્યા હતા. ઉત્સવમાં હાજર દરેકને ભગવાનને ઝૂલાવવાની તક મળી હતી અને ભગવાનને ઝૂલતા નિહાળવાનો અનેરો સુંદર આનંદ પણ માણવા મળ્યો હતો. બધા જ આમંત્રિતોને જોરદાર મિજબાની સાથે ઉત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી.

# સરકારી બીઍડ કૉલેજો ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડાશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલી સરકારી બી.એડ. કોલેજ એટલે કે 'ડાયેટ'ને હવે દરેક યુનિવર્સિટીઓમાંથી દૂર કરીને ગાંધીનગર સ્થિત 'ટીચર્સ યુનિવર્સિટી' સાથે જોડી દેવાની તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે, એવી ચર્ચા છે. હાલ પહેલા તબક્કામાં સરકારી બી.એડ. કોલેજોને ટીચર્સ યુનિવર્સિટી સાથે સાંકળી દેવામાં આવશે. ભવિષ્યમાં તમામ ગ્રાન્ટેડ કોલેજોને પણ આ રીતે એક જ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવે તેવી શકયતા ઊભી થઈ છે. ભૂતકાળમાં આ પ્રકારની વાતો વહેતી થતા અનેક વિવાદો ઊભા થયા હતા. પરંતુ આ વખતે સરકારે પણ આ નિર્ણયમાં સહમતી આપતાં હવે આગામી દિવસોમાં યુનિવર્સિટી અન્ય કોલેજને જોડાણ આપી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે, એવા સમાચાર છે.

રાજ્યમાં કુલ ૧૯ ડાયેટ એટલે કે સરકારી બી.એડ. કોલેજો હાલમાં જુદી જુદી ૯ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલી છે. આ ઉપરાંત એક સરકાર એમ.એડ કોલેજ પોરબંદરમાં આવેલી છે. કુલ ૨૦ જેટલી સરકારી બી.એડ.-એમ.એડ કોલેજો હાલ અસ્તિત્વમાં છે. આ તમામ બી.એડ. કોલેજોને હવે રાજ્યની ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવશે. ટીચર્સ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવ્યા બાદ અન્ય કોઈ બી.એડ. કોલેજોને જોડાણ આપી શકે તેમ નહોતી. જેના કારણે આજસુધી એકપણ બી.એડ. કોલેજને આ યુનિવર્સિટી સાથે જોડવામાં આવી નહોતી. તાજેતરમાં ટીચર્સ યુનિવર્સિટીના નવા કુલપતિની નિયુક્તિ બાદ સરકારી બી.એડ. કોલેજોને આ યુનિવર્સિટી સાથે જોડવાની તાજવીજ હાથ ધરવામાં આવી હતી.મહત્વની વાત એ કે સરકાર દ્વારા પણ આ પ્રકારના જોડાણને પ્રાથમિક મંજુરી આપી દેવામાં આવી છે.

હાલ સરકારી કોલેજોને ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડાવામાં આવ્યા બાદ ભવિષ્યમાં રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી ગ્રાન્ટેડ બી.એડ. કોલેજોને પણ ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવે તેવી પુરેપુરી શકયતા છે. આમ, થાય તો રાજ્યની સ્વનિર્ભર બી.એડ. કોલેજોને બાદ કરતાં તમામ સરકારી અને ગ્રાન્ટેડ બી.એડ. કોલેજો એક જ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવશે.